## અંગશાસ્ત્રોને સુલભ અને સુગમ બનાવનાર મહાસમર્થ નવાંગી ટીકાકાર

# આચાર્યશ્રી અભયદેવસૂરિજી મહારાજ

જૈનપરંપરામાં અભયદેવસૂરિ નામે કેટલાયે આચાર્યો થયા છે, તેમાં આ આચાર્ય અભયદેવસૂરિ નવાંગી ટીકાકાર તરીકે ખૂબ પ્રસિદ્ધિ પામ્યા છે. તેઓ ચંદ્રકુલીય સુવિહિતમાર્ગી શ્રી વર્ધમાનસૂરિના પ્રશિષ્ય અને શ્રી બુદ્ધિસાગરસૂરિના શિષ્ય હતા. શ્રી વર્ધમાનસૂરિ પ્રારંભમાં કૂર્ચપુરના ચૈત્યવાસી હતા. તેમનું ૮૪ જિનમંદિરો પર સ્વામિત્વ હતું. શ્રી ઉદ્યોતનસૂરિની પરંપરાથી પ્રભાવિત થઈ તેમણે ચૈત્યવાસનો ત્યાગ કરી સુવિહિતમાર્ગી પરંપરાનો સ્વીકાર કર્યો હતો.

આચાર્યશ્રી અભયદેવસૂરિનો જન્મ વૈશ્યપરિવારમાં વીરનિર્વાણ સં. ૧૫૪૨ (વિ. સં. ૧૦૭૨)માં થયો હતો. ઇતિહાસપ્રસિદ્ધ માલવદેશની રાજધાની ધારાનગરી તેમની જન્મભૂમિ હતી. તે મહીધર શેઠના પુત્ર હતા. તેમની માતાનું નામ ધનદેવી હતું. અને તેમનું જન્મનામ અભયકુમાર હતું. ધારાનગરીમાં એ વખતે રાજા ભોજનું શાસન હતું. અભયકુમાર બુદ્ધિશાળી બાળક હતા, તેથી પરિવાર પાસેથી સહજપણે ધાર્મિક સંસ્કારો મળ્યા હતા. એક વખત શ્રી જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ ધારાનગરીમાં પધાર્યા. પિતા મહીધર સાથે અભયકુમારે તેઓનું પ્રવચન સાંભળ્યું. બાળકના મન પર વૈરાગ્યનો રંગ લાગ્યો. માતા-પિતાની આજ્ઞા લઈ અભયકુમારે શ્રી જિનેશ્વરસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી; અને શ્રી બુદ્ધિસાગરસૂરિના શિષ્ય બન્યા. દીક્ષા બાદ બાળમુનિએ ગંભીરતાપૂર્વક આગમોનો અભ્યાસ કર્યો. ગુરુજન પાસે ગ્રહણ અને આસેવન શિક્ષા ગ્રહણ કરી મહાક્રિયાનિષ્ઠ અભયદેવમુનિ શાસનરૂપી કમળને વિકસિત કરવા માટે સૂર્ય-શા તેજસ્વી જણાવા લાગ્યા. આચાર્ય શ્રી વર્ધમાનસૂરિના આદેશથી શ્રી જિનેશ્વરએ તેમને વિ. સં. ૧૦૮૯માં, ૧૬ વર્ષની વયે, આચાર્યપદથી અલંકૃત કર્યા.

આચાર્ય શ્રી અભયદેવસૂરિ સિદ્ધાંતોના ગંભીર જ્ઞાતા હતા. આગમેતર વિષયોનું પણ તેમને વિશાળ જ્ઞાન હતું. શ્રમણગણને તેઓ આગમની વાચના આપતા હતા. શ્રી વર્ધમાનસૂરિના સ્વર્ગવાસ પછી, એક વખત રાત્રિના સમયે આચાર્ય અભયદેવસૂરિ ધ્યાનમાં બેઠા હતા. તે સમયે તેમને ટીકા રચવાની પ્રેરણા થઈ. પ્રભાવકચરિત્ર આદિ ગ્રંથો પ્રમાણે આ પ્રેરણા શાસનદેવીએ કરી હતી. રાત્રિ સમયે ધ્યાનસ્થ અભયદેવસૂરિની સામે શાસનદેવી પ્રગટ થઈને બોલ્યા, "મુનિવર્ય! આચાર્ય શીલાંકસૂરિ અને કોટ્યાચાર્ય વિરચિત ટીકાસાહિત્યમાં આચારાંગ અને સૂત્રકૃતાંગ આગમની ટીકાઓ સુરક્ષિત છે, જ્યારે બાકીના આગમોની ટીકાઓ કાળદોષના પ્રભાવે લુપ્ત થઈ ગઈ છે, આથી આ ક્ષતિ દૂર કરવા માટે આપ સંઘના હિતાર્થે પ્રયત્નવાન બનો અને ટીકા રચવાના કાર્યનો પ્રારંભ કરો."

આચાર્ય શ્રી અભયદેવસૂરિએ કહ્યું કે– "દેવી! મારા જેવા જડમતિ દ્વારા શ્રી સુધર્માસ્વામીકૃત આગમો પૂર્ણરીતે જાણવા પણ કઠિન છે. અજાણતાં ઉત્સૂત્રપ્રરૂપણા થઈ જાય તો આ કાર્ય કર્મબંધન અને અનંત સંસારની વૃદ્ધિનું નિમિત્ત બની જાય. આપનાં વચનોનું ઉલ્લંઘન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું પણ ઉચિત નથી. આથી તમારા દ્વારા પ્રાપ્ત થયેલ સંકેત પર મારી સ્થિતિ કિંકર્તવ્યવિમૂઢ જેવી થઈ છે." આચાર્ય શ્રી અભયદેવસૂરિના મનનું સમાધાન આપતાં શાસનદેવીએ કહ્યું કે—"હે પંડિત માન્ય! સિદ્ધાંતોના સઘળા અર્થ ગ્રહણ કરવામાં આપને સર્વથા યોગ્ય સમજી મેં આપની પાસે આ મહત્ત્વપૂર્ણ કાર્યની પ્રાર્થના કરી છે. આગમપાઠોમાં જ્યાં આપને સંદેહ થાય ત્યાં મને યાદ કરજો. હું શ્રી સીમંધરસ્વામીને પૂછીને આપના પ્રશ્નોનું સમાધાન કરવા પ્રયત્ન કરીશ."

શાસનદેવીનાં આ વચનોથી આચાર્ય અભયદેવસૂરિને સંતોષ થયો. આગમ જેવાં મહાન કાર્યમાં તપોબળ આવશ્યક છે, એમ વિચારી તેમણે અખંડ આયંબિલ તપ સાથે ટીકા-રચનાનો પ્રારંભ કર્યો. એકાગ્રતાથી તેઓ પોતાનાં કાર્યમાં લાગી ગયા. અને શ્રમપરાયણવૃત્તિને લીધે નવ અંગ-આગમ પર ટીકાગ્રંથો રચવામાં તેઓ સફળ બન્યા. ટીકા-રચનાના કાર્ય પછી તેઓ ધોળકા પધાર્યા. આ દરમિયાન નિરંતર આયંબિલ તપના લૂખાસૂકા આહારને લીધે અને સતત પરિશ્રમને કારણે તેમને કોઢ થયો. વિરોધીઓમાં અપવાદ ફેલાયો કે—'કોઢ ઉત્સૂત્ર-પ્રરૂપણાનું પ્રતિફળ છે. શાસનદેવી રૂષ્ટ થઈ તેમને દંડ આપી રહી છે.' આવી વાતો સાંભળીને આચાર્ય અભયદેવસૂરિ ખૂબ વ્યથિત થયા. રાત્રિના સમયે તેમણે ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. શાસનહિતૈષી ધરણેન્દ્રે તેમને પ્રસન્ન થઈ રોગશમનનો ઉપાય બતાવી સ્વસ્થ બનાવ્યા.

એક દિવસ સ્વપ્નાવસ્થામાં આચાર્ય અભયદેવસૂરિને લાગ્યું કે, વિકરાળ મહાકાળદેવે મારા શરીરને આક્રાંત કર્યું છે. આ સ્વપ્નને આધારે અભયદેવસૂરિએ વિચાર્યું કે, મારું આયુષ્ય ક્ષીણપ્રાય છે, આથી અનશન કરી લેવું યોગ્ય છે. સ્વપ્નાવસ્થામાં આચાર્ય અભયદેવસૂરિ સમક્ષ ફરીથી પ્રગટ થઈને ધરણેન્દ્રે કહ્યું કે–"મેં આપનો કોઢ શમન કરવા ઉપાય બતાવ્યો છે, માટે આપ નિશ્ચિંત બનો." શાસનપ્રભાવનામાં જાગરૂક આચાર્ય અભયદેવસૂરિએ કહ્યું કે–"દેવરાજ! મને મૃત્યુનો ભય નથી; પણ મારા રોગને નિમિત્ત બનાવી પિશુંક લોકો દ્વારા પ્રચારિત ધર્મસંઘની નિંદા દુઃસહ્ય બની છે." ત્યારબાદ ધરણેન્દ્રના કહેવા મુજબ શ્રાવકસંઘની સાથે અભયદેવસૂરિ સ્તંભન ગ્રામમાં આવ્યા. સેઢી નદીના કિનારે ધરણેન્દ્રએ બતાવેલા સ્થાને તેમણે 'જયતિહુઅણ' નામના ૩૨ શ્લોકના સ્તોત્રને રચ્યું. આ સ્તોત્રની રચનાથી ત્યાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. આ પ્રતિમા આજે ખંભાતમાં છે.

પૂર્વકાળમાં કોઈ સમયે શ્રીકાંતાનગરીમાં ધનેશ શ્રાવકને ત્રણ પ્રતિમાઓ તેની અધિષ્ઠાયક દેવીની કૃપાથી સમુદ્રમાંથી પ્રાપ્ત થઈ હતી. શ્રાવકે એક પ્રતિમા ચારૂપ નામના ગામમાં, બીજી પ્રતિમા પાટણમાં અને ત્રીજી પ્રતિમા સેઢી નદીના કિનારે વૃક્ષોની વચ્ચે ભૂમિમાં સ્થાપન કરી હતી. આ છેલ્લી પ્રતિમાની સામે બેસી નાગાર્જુને રસસિદ્ધિ વિદ્યાની સાધના કરી હતી. અભયદેવસૂરિની સાધના દ્વારા સેઢી નદીના કિનારે પ્રતિમા પ્રગટ થયાની ઘટનાથી જનાપવાદ મટી ગયો; લોકો અભયદેવસૂરિની પ્રશંસા કરવા લાગ્યા. પછીથી ધરણેન્દ્રના કહેવાથી શ્રી અભય-દેવસૂરિએ સ્તોત્રની છેલ્લી બે ગાથાઓ લુપ્ત કરી દીધી. 'જયતિહુઅણ' સ્તોત્રની આ ચમત્કારિક ગાથાઓ લુપ્ત કરી દેવાની વાત વિવિધતીર્થકલ્પમાં પણ છે. તેમાં કહ્યું છે કે, આ પદોનું

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિપૂર્વક ઉચ્ચારણ કરવાથી દેવને આહ્વાન કરનારની સામે આવવું પડતું હતું. લોકો તેનો દુરુપયોગ કરવા લાગ્યા; તેથી સ્તોત્રમાંથી છેલ્લાં બે પદો લુપ્ત કરી દેવામાં આવ્યાં.

પ્રભાવકચરિત્રમાં જણાવ્યા મુજબ, ટીકારચનાની પ્રતિલિપિ તૈયાર કરવાનું કામ તામ્રલિપ્તિ, આશાપલ્લી, ધવલકનગરીના ૮૪ તત્ત્વજ્ઞ સુદક્ષ શ્રાવકોએ કર્યું. એ વખતે ૮૪ પ્રતિઓ લખાઈ હતી. પ્રતિલિપિ લખવામાં ત્રણ લાખ દ્રમક (મુદ્રાવિશેષ)નો વ્યય થયો હતો, જેની વ્યવસ્થા રાજા ભીમે કરી હતી. શાસનદેવીએ ફેંકેલાં આભૂષણો લઈ શ્રાવક રાજા ભીમ પાસે ગયો હતો. તેના બદલામાં રાજા ભીમે ત્રણ લાખ દ્રમક આપ્યાં હતાં. આ દ્રવ્યથી અભયદેવસૂરિના ટીકાગ્રંથો લખવામાં આવ્યા હતા.

ટીકારચનાનું કાર્ય પૂર્ણ કરી આચાર્ય અભયદેવસૂરિ પાલ્હઉદ્દા ગામમાં વિચરી રહ્યા હતા. ત્યાંના શ્રાવકો સામે સંકટ આવ્યું હતું. માલથી ભરેલાં તેમનાં વહાણો સમુદ્રમાં ડૂબી ગયાના સમાચાર જાણી શ્રાવકો બેચેન થઈ ગયા હતા. યથોચિત સમયે વહાણ આવી પહોંચ્યાં નહિ તેથી બેચેની વધી ગઈ હતી. આચાર્ય અભયદેવસૂરિ જાતે તેમની વસ્તીમાં દર્શન આપવા ગયા. ત્યાં તેમણે પૂછ્યું કે—"વંદન વેળાનું અતિક્રમણ કેમ થયું?" શ્રાવકોએ, નમ્રતાથી, માલ ભરેલાં વહાણો સમુદ્રમાં નષ્ટ થયાના સમાચાર સંભળાવ્યા. આ જાણી આચાર્ય અભયદેવસૂરિએ કહ્યું કે—"ચિંતા ન કરો. ધર્મના પ્રતાપે બધું ઠીક થઈ જશે." આચાર્ય અભયદેવસૂરિના આ શબ્દોથી શ્રાવકોમાં આશા જન્મી અને બીજા દિવસે વહાણો સુરક્ષિત આવી જવાના સમાચાર જાણી સૌ કોઈ ખૂબ જ રાજી થયા. આચાર્ય અભયદેવસૂરિ પાસે જઈ નમ્ર સ્વરે શ્રાવકોએ નિવેદન કર્યું કે—"આ માલ વેચતાં જે લાભ થશે તેનો અર્ધ ભાગ ટીકાસાહિત્યના લેખનકાર્યમાં વાપરીશું." આમ, શ્રાવકોના આવેલા આ ધનરાશિથી પણ ટીકાસાહિત્યની ઘણી પ્રતિલિપિઓ નિર્માણ થઈ. તે વખતના મુખ્ય આચાર્યો પાસે અનેક સ્થાનોમાં તેમનું ટીકાસાહિત્ય પહોંચાડવામાં આવ્યું.

આચાર્ય અભયદેવસૂરિની ટીકાઓની રચનાના કાર્યમાં દ્રોણાચાર્યનો મહાન સહયોગ પ્રાપ્ત થયો હતો. દ્રોણાચાર્ય ચૈત્યવાસી આચાર્ય હતા. તે વિશ્રુત શ્રુતધર હતા. અભયદેવસૂરિ સુવિહિતમાર્ગી હતા. દ્રોણાચાર્યનો સંબંધ ચૈત્યવાસી પરંપરા સાથે હોવા છતાં અભયદેવસૂરિ પ્રત્યે તેમનો વિશેષ સદ્ભાવ હતો. અભયદેવસૂરિ પણ દ્રોણાચાર્યના આગમજ્ઞાનથી વિશેષ પ્રભાવિત હતા. દ્રોણાચાર્ય પોતાના શિષ્યોને આગમવાચના આપતા હતા ત્યારે અભયદેવસૂરિ પોતે પણ તેમની પાસે વાચના લેવા જતા. અભયદેવસૂરિને દ્રોણાચાર્ય ઊભા થઈ સન્માન આપતા હતા, અને પોતાની પાસે આસન આપતા હતા. શ્રી અભયદેવસૂરિની ટીકાઓનું જે વિદ્વાનોએ સંશોધન કર્યું હતું તેમાં દ્રોણાચાર્ય મુખ્ય હતા. અભયદેવસૂરિએ પોતાની ટીકાઓની પ્રશસ્તિમાં દ્રોણાચાર્યનો આદરભાવથી ઉલ્લેખ કર્યો છે.

**સાહિત્યસર્જન :** આચાર્ય અભયદેવસૂરિની પ્રસિદ્ધિ નવાંગી ટીકાકાર તરીકે છે; પરંતુ તેમણે અંગસૂત્રો સિવાય બીજા ગ્રંથો ઉપર પણ ટીકાઓ રચી છે. તેમની એક ટીકા



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાંગ આગમ ઉપર પણ છે. તેમણે સ્વતંત્ર ગ્રંથરચના પણ કરી હતી. ગણધર શ્રી સુધર્માસ્વામીના આગમસાહિત્યના ગૂઢાર્થ સમજવા માટે આચાર્ય અભયદેવસૂરિની ટીકાઓ ચાવી સમાન માનવામાં આવે છે. આ ટીકાઓ સંક્ષિપ્ત અને શબ્દાર્થપ્રધાન છે. તેમાં અનેક વિષયોનું નિરૂપણ કરવામાં આવેલ છે. તેમની આ ટીકાઓની સહાય વિના અંગશાસ્ત્રના રહસ્યને સમજવું મુશ્કેલ છે. તેમણે દ્વાદશાંગીમાંના અંગ ૩ થી ૧૧ ઉપર ટીકા લખી છે. તેમણે રચેલ ટીકા વગેરે ગ્રંથોનો પરિચય આ પ્રમાણે છે :

**સ્થાનાંગવૃત્તિ :** મૂળસૂત્રો પર સ્થાનાંગવૃત્તિની રચના છે. સૂત્રસંબદ્ધ વિષયોનું વિસ્તારથી વિવેચન છે. દાર્શનિક દૃષ્ટિઓની વિશદ વ્યાખ્યા છે. વૃત્તિમાં ક્યાંક ક્યાંક સંક્ષિપ્ત કથાનક છે. આ વૃત્તિની રચનામાં શ્રી અભયદેવસૂરિને સંવિજ્ઞપાક્ષિક અજીતસિંહસૂરિના શિષ્ય શ્રી યશોદેવગણિનો સહયોગ પ્રાપ્ત થયો હતો. દ્રોણાચાર્યનો નામોલ્લેખ પણ આ ટીકામાં છે, જેમણે આ ટીકાનું સંશોધન કર્યું હતું. આ ટીકાનો રચનાકાળ વિ. સં. ૧૧૨૦ છે. આનું ગ્રંથમાન ૧૪૨૫૦ પદપરિમાણ છે. **સમવાયાંગવૃત્તિ :** આ વૃત્તિની રચના પણ મૂળ સૂત્રો પર છે. આ મધ્યમ પરિમાણની ટીકા છે. આમાં પ્રજ્ઞાપનાસૂત્રનો તથા ગંધહસ્તિ ભાષ્યનો ઉલ્લેખ છે. આ ટીકાની રચના વિ. સં. ૧૧૨૦માં પાટણમાં થઈ છે. આનું ગ્રંથમાન ૩૫૭૫ શ્લોક પરિમાણ છે. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિ :** આ સંક્ષિપ્ત શબ્દાર્થપ્રધાન ટીકા છે. આમાં એક વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના દશ અર્થ બતાવ્યા છે, જે ભિન્ન ભિન્ન અર્થબોધની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આ ટીકામાં શ્રી સુધર્માસ્વામી આદિને નમસ્કાર કર્યા પછી ટીકાકારે આ સૂત્રની પ્રાચીન ટીકા, ચૂર્ણિ અને જીવાભિગમ આદિની વૃત્તિની સહાયતાથી ટીકા રચવાનો સંકલ્પ કરેલો છે. આથી સ્પષ્ટ છે કે, ટીકાકાર શ્રી અભયદેવસૂરિ સામે ભગવતીસૂત્રની પ્રાચીન ટીકા હતી. ટીકાના અંતમાં ગ્રંથકારે જિનેશ્વરસૂરિથી પોતાની ગુરુપરંપરાનો ઉલ્લેખ કર્યો છે. આ ટીકાની રચના વણ અભયદેવસૂરિએ પાટણમાં વિ. સં. ૧૧૨૮માં કરી હતી. આ ટીકાનું ગ્રંથમાન ૧૮૬૧૬ શ્લોકપરિમાણ બતાવ્યું છે. **જ્ઞાતાધર્મકથાવૃત્તિ :** મૂળસૂત્રસ્પર્શી શબ્દાર્થપ્રધાન આ ટીકા ૩૮૦૦ શ્લોકપરિમાણ છે. આ ગ્રંથની રચના પાટણમાં વિ. સં. ૧૧૨૦માં વિજયાદશમીને દિવસે થઈ છે. જ્ઞાતાધર્મ કથાના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૯ કથાનક છે. એ કથાનક અત્યંત પ્રસિદ્ધ છે. જ્ઞાત હોવાને લીધે આ શ્રુતસ્કંધનું નામ જ્ઞાતા છે. બીજા શ્રુતસ્કંધમાં ઘણી ધર્મકથાઓ હોવાથી તેનું નામ ધર્મકથા છે. **ઉપાસકદશાંગવૃત્તિ** : ઉપાસકદશાંગવૃત્તિની રચના મૂળ સૂત્ર પર થઈ છે. આ સંક્ષિપ્ત ટીકા છે. આની રચના જ્ઞાતાસૂત્રની વૃત્તિની રચના પછી થઈ છે. આમાં ટીકાકારે વિશેષ શબ્દોમાં અર્થનું સ્પષ્ટીકરણ કરેલ છે. આ વૃત્તિનું ગ્રંથમાન ૯૦૦ પદપરિમાણ છે. **અંતકૃદ્દશાવૃત્તિ :** આ વૃત્તિ પણ મૂળસૂત્રસ્પર્શી અને શબ્દપ્રધાન છે. આ વૃત્તિનું ગ્રંથમાન ૮૯૯ પદપરિમાણ છે. **અનુત્તરૌપપાતિકવૃત્તિ :** આ પણ શબ્દપ્રધાન સંક્ષિપ્ત ટીકા છે. આનું ગ્રંથમાન ૧૦૦ શ્લોકપ્રમાણ છે. આમાં શબ્દોની સારગર્ભિત વ્યાખ્યા પાઠકના મનને વિશેષ પ્રભાવિત કરે છે. **પ્રશ્નવ્યાકરણવૃત્તિ :** આ શબ્દાર્થપ્રધાનવૃત્તિ લગભગ ૪૬૩૦ પદપરિમાણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, આમાં ૫ આશ્રવ અને ૫ સંવરનું યુક્તિપૂર્વક વર્ણન છે. દ્રોણાચાર્યે આ વૃત્તિનું સંશોધન કર્યું છે. શુભાશુભ કર્મોના જુદા જુદા રૂપે ફળનાં પરિણામ જાણવા આ વૃત્તિ વિશેષ સહાયક છે. **વિપાકવૃત્તિ :** આ વૃત્તિ પણ સૂત્રસ્પર્શી છે. પારિભાષિક પદોના સંક્ષિપ્ત અર્થ આમાં જણાવ્યા છે. આગમસૂત્રને **પ્રવચનપુરુષ** કહેલ છે. શુભાશુભ કર્મોના વિવિધ રૂપે ફળપરિણામ સમજવા માટે વિશેષ સહાયક છે. ગ્રંથગત ત્રુટિઓને સંશોધન કરવા માટે વૃત્તિકારે ધીમાન્ પુરુષોને સંશોધિત કરવા માટે કહ્યું છે : **इहानुयोगे यदयुक्तमुक्तं तद्धीधना द्राक् परिशोधयन्तु ।** ટીકાકારે આ કથનથી પોતાના વિચારોની સરળતા પ્રગટ કરી છે. ટીકાના અંતમાં ટીકાકારે પોતાનું નામ અને પોતાના ગુરુના નામનો ઉલ્લેખ પણ કરેલો છે. આ ટીકાનું સંશોધન અણહિલપુર પાટણમાં દ્રોણાચાર્યે કર્યું હતું. વૃત્તિનું ગ્રંથમાન ૩૧૨૫ પદપરિમાણ બતાવ્યું છે. **ઔપપાતિક-વૃત્તિ :** આ વૃત્તિ ઉપાંગ આગમ પર છે. ટીકાકાર શ્રી અભયદેવસૂરિની ઉપાંગ આગમ પર આ એક જ ટીકા છે. આ વૃત્તિનું ગ્રંથમાન ૩૧૨૫ પદપરિમાણ છે. વૃત્તિના આરંભમાં ઔપપાતિક શબ્દની સુંદર વ્યાખ્યા આપી છે. શબ્દાર્થપ્રધાન ટીકા સૈદ્ધાંતિક, સામાજિક, અને સાંસ્કૃતિક વિવિધ પ્રકારની સામગ્રીથી પરિપૂર્ણ છે. વૃત્તિના અંતમાં ટીકાકારે ગુરુ જિનેશ્વરસૂરિનું નામ અને ચંદ્રકુલનો ઉલ્લેખ પણ કર્યો છે. વૃત્તિની પ્રશસ્તિ મુજબ આ વૃત્તિનું સંશોધન અણહિલપુર પાટણમાં શ્રી દ્રોણાચાર્યે કર્યું છે. આ ટીકાઓમાં ત્રણ ટીકા સ્થાનાંગવૃત્તિ, સમવાયાંગવૃત્તિ અને જ્ઞાતાધર્મકથાવૃત્તિ વિ. સં. ૧૧૨૦ માં રચી છે. આ ત્રણ વૃત્તિનું પરિમાણ ૨૧૯૨૫ શ્લોક છે. એક વર્ષમાં આવા વિશાળ સાહિત્યની રચના કરવી એ તેમની મહાન સર્જનશક્તિનો પરિચય કરાવે છે. ઉપાંગ સહિત આ વૃત્તિઓનું ગ્રંથમાન ૫૦૭૯૯ શ્લોકપ્રમાણ છે.

આગમાતિરિક્ત ગ્રંથો પર ટીકા : આચાર્ય અભયદેવસૂરિએ આગમો પર ટીકાઓ લખીને જ સંતોષ લીધો નથી, તેમણે બીજા ગ્રંથો પર પણ ટીકાઓ લખી છે. આચાર્યશ્રી હરિભદ્રસૂરિ સૂચિત ષોડશક તેમ જ પંચાશક ગ્રંથ પર શ્રી અભયદેવસૂરિએ ટીકા રચવાનું કાર્ય કર્યું છે. આ બંને ગ્રંથોમાં પંચાશકની ટીકા વિશાળ છે. એ ટીકાનું ગ્રંથમાન ૭૪૮૦ પદપરિમાણ છે. આ ટીકાનો રચનાકાળ વિ. સં. ૧૧૨૪ છે. આચાર્ય અભયદેવસૂરિએ ટીકાગ્રંથોની રચના ઉપરાંત પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી, જયતિહુઅણ સ્તોત્ર, પંચનિર્ગ્રંથી પ્રકરણ તેમ જ છ કર્મગ્રંથ સવૃત્તિભાષ્ય આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણીનું ગ્રંથમાન ૧૩૨ શ્લોકપરિમાણ છે.

પ્રભાવકચરિત્ર મુજબ શ્રી અભયદેવસૂરિનો સ્વર્ગવાસ પાટણમાં થયો હતો. એ વખતે પાટણમાં કર્ણરાજાનું રાજ હતું. સ્વર્ગવાસ સંવત–સમયનો ઉલ્લેખ નથી; જ્યારે પટ્ટાવલી મુજબ અભયદેવસૂરિનો સ્વર્ગવાસ ગુજરાતમાં કપડવંજ ગામમાં થયો હતો. પટ્ટાવલીમાં દર્શાવ્યા પ્રમાણે સ્વર્ગવાસ સંવત ૧૧૩૫ બતાવેલ છે. કોઈ કોઈ સ્થળે વિ. સં. ૧૧૩૯ જણાવેલ છે. એમાં ૪ વર્ષનું અંતર છે. આચાર્યશ્રી અભયદેવસૂરિએ ટીકાનિર્માણનું કાર્ય વિ. સં. ૧૧૨૦ થી ૧૧૨૮માં કર્યું હતું. પટ્ટાવલી અનુસાર ટીકાનિર્માણના કાર્ય પછી ૯ અથવા ૧૧ વર્ષે તેમનો સ્વર્ગવાસ થયેલ છે. એ આધારે શ્રી અભયદેવસૂરિ વિક્રમની ૧૧–૧૨ મી સદીમાં થયાનું નક્કી થાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આગમોની સુગમ વ્યાખ્યાઓ આપી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરિ ચતુર્વિધ સંઘની શ્રદ્ધાના સુદૃઢ આલંબન રૂપ બન્યા છે.

---

## જૈનદર્શનાદિ અનેક વિષયોના સમર્થ જ્ઞાતા અને ગ્રંથકાર
# આચાર્યશ્રી જિનવલ્લભસૂરિજી મહારાજ

વિક્રમની બારમી શતાબ્દીમાં જૈન સંઘમાં ચૈત્યવાસીઓની પ્રધાનતા હતી. તેઓ વિદ્વાન શક્તિસંપન્ન અને જૈનધર્મના રાગી હતા. ધર્મની રક્ષા તથા તેના ઉત્થાનમાં હંમેશાં તત્પર રહેતા હતા. પરંતુ તેઓ આચારમાં શિથિલ રહેતા હતા. આ ચૈત્યવાસીઓની જુદા જુદા નગરોમાં મુખ્ય ગાદી હતી. ચિત્તોડના ચૈત્યવાસી મઠની એક શાખા કૂર્ચપુર (કૂચેરા–મારવાડ)માં હતી. આસીકાદુર્ગનિવાસી આચાર્ય જિનેશ્વર (જિનચંદ્ર) તેના અધ્યક્ષ હતા. તેમને જિનવલ્લભ નામે શિષ્ય હતો, જે તેની માતાએ તેને બાલ્યવયમાં જ અર્પણ કર્યો હતો. દીક્ષા બાદ ગુરુએ તેને વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો; સર્પાકર્ષણી, સર્પમોક્ષિની જેવી ચમત્કારિક વિદ્યા આપી; અને વાચનાચાર્યપદ પ્રદાન કર્યું હતું.

શ્રી જિનવલ્લભની પ્રખર મેધા, બુદ્ધિ અને તીવ્ર જ્ઞાનરુચિના કારણે તેમને તથા જિન-શેખરને વિશેષ આગમાદિના અભ્યાસ માટે પાટણમાં નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પાસે મોકલ્યા. અહીં બંનેને વિવેકપૂર્વક જિનાગમ ભણતાં ધર્મમાર્ગનું સાચું જ્ઞાન થયું. તેમણે જ્યોતિષનું જ્ઞાન પણ મેળવ્યું. અધ્યયનની પરિસમાપ્તિ બાદ તેઓ ગુરુ પાસે ગયા પરંતુ તેઓ હવે તેમના રહ્યા ન હતા. શ્રી જિનવલ્લભે ચૈત્યવાસનો સ્પષ્ટ અસ્વીકાર કરી, વડગચ્છની સંવેગી શાખાના આચાર્ય વર્ધમાનસૂરિના પટ્ટધર પરમ સંવેગી શ્રી જિનેશ્વરસૂરિ પાસે જઈ તેમના શિષ્ય બન્યા. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં જણાવ્યું છે કે, તેમણે ચંડિકાના નામથી પોતાનો ગચ્છ ચલાવ્યો હતો. વાગડમાં ઘણી મોટી સંખ્યામાં ઇતરધર્મીઓને જૈન બનાવ્યા હતા. એક શ્રીમાલી જ્ઞાતિના નિર્ધન શ્રાવકને પરિગ્રહપરિમાણનું મોટું વ્રત કરાવ્યું. તે ધનવાન બનતાં, વ્રતથી અધિક પ્રાપ્ત થયેલા ધનનો ચિત્તોડમાં ભગવાન મહાવીરસ્વામીના જિનમંદિરનું નવનિર્માણ કરી સદ્વ્યય કર્યો.

શ્રી જિનવલ્લભગણિના વિદ્યાગુરુ આચાર્ય અભયદેવસૂરિ એ સમયે જૈનસિદ્ધાંતોના પારગામી વિદ્વાન હતા. ચૈત્યવાસી અને સંવેગી – બધાયે આચાર્યો તેમને માનતા હતા. આવી સમર્થ વ્યક્તિની પાટે બેસવાને સૌ કોઈ ઇચ્છે એ સ્વાભાવિક હતું. આચાર્ય અભયદેવસૂરિની પાટે શ્રી પ્રસન્નચંદ્રસૂરિ અને શ્રી વર્ધમાનસૂરિ (વિ. સં. ૧૧૭૨) આવ્યા. શ્રી જિનવલ્લભગણિ પણ તેમની પાટે બેસવાને ઉત્સુક હશે, પણ તે શક્ય નહોતું. તેમની આચાર્યપદવીનો પ્રશ્ન અભય-દેવસૂરિના સ્વર્ગવાસ પછી ઘણાં વર્ષે ઊઠ્યો. તેમને આચાર્યપદ આપવા સામે ઘણાએ વિરોધ કર્યો પરંતુ સુવિહિત આચાર્ય દેવભદ્રસૂરિજી આવા શક્તિસંપન્ન સાધુને બીજે ન જવા દેવાના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org